# શહેરની મહિલા સાથે વીસીના બહાને ૨.૫૮ લાખની છેતરપિંડી

## રૂપીયા માંગતા મહિલાને જાનથી મારી નાંખવાની ધમકી આપતા ફરીયાદ

ગાંધીનગર, તા.૧૪ પતિના મિત્રની રૂ. ૩ લાખની વીસીમાં ૧૪ હપ્તા ભર્યા બાદ લેવાના નીકળતા રૂપીયાની ઉઘરાણી મહિલાએ કરી હતી. જેથી વીસી સંચાલકે મહિલાને જેમ ફાવે તેમ ગાળો બોલીને જે થાય તે કરી લે પૈસા નહી મળે. તારા પતિ અહીયા નથી, એટલે હવે ફરીથી રૂપીયાની ઉઘરાણી કરીશ તો જીવતી નહી રહેવા દઉં તેમ કહી ધમકી આપતા મહિલાએ સેકટર-૨૧ પોલીસ મથકે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધાવતા પોલીસે વીસી ચલાવતા શખ્સને પકડી પાડવા તપાસ તેજ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૭ સોમેશ્વર સોસાયટી પ્લોટ નં.૭૭૫ ખાતે રહેતી અનુષ્કારાની નિશિત નંદન (ઉં.૩૩ રહે.સોમનાથ ભવન કલીન્જરા પોસ્ટ બાંસવાડા) પોતાના પરિવાર સાથે રહે છે. ફરીયાદી મેકસ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની સેકટર-૧૧ સુમન ટાવર ખાતે એડવાઈઝર (એજન્ટ)તરીકે કામ કરે છે. મહિલાના પતિ નિશિત છેલ્લા બે વર્ષથી વિદેશ રહે છે. લગ્ન પહેલા રાજસ્થાન રહેતા હોવાથી ગુજરાતી સમજી શકે છે. પંરતુ ઝડપથી વાંચી શકતી નથી. જેથી મહિલા નાણાકીય લેવડ-દેવડનો વ્યવહાર પણ તેઓ કરે છે. ત્યારે ફરીયાદીના પતિ નિશિતના મિત્ર મયંક અંબાલાલ દેસાઈ (રહે મં.નં.૨૩૧ ડબલ ડેકર સેકટર-૨૪) વીસી ચલાવે છે. વીસી માટે સભ્યો એકઠા કરી નક્કી કરેલી રકમ દર માસે લઈ લેવાની હોય છે. મયંક દેસાઈ પતિના મિત્ર હોવાથી રૂ.૩ લાખની વીસી ચાલુ થવાની હતી અને પંદર સભ્યો અને ૧૫ હપ્તા ભરવાની વાત કરી સભ્ય તરીકે જોડાવા માટે કહેતા પતિના મિત્ર હોવાથી વિશ્વાસ રાખીને સભ્ય તરીકે મહિલા જોડાયા હતા. જયારે જાન્યુઆરી-૨૦૨૦ માં વીસી ચાલુ થતા મહિનાના છેલ્લા અઠવાડીયામાં મયંક દેસાઈના મોબાઈલ નંબર ગુગલ પે દ્વારા મહિલાએ ૧૪ માસ સુધી રૂ.૧૫ હજારથી વધુ ની રકમો જમા કરાવી છે. વીસીનો છેલ્લો હપ્તો મહિલાએ તા.૨૫-૩-૨૧ ના રોજ ભર્યો હતો. મહિલાએ અત્યાર સુધીમાં રૂ.૨.૫૮ લાખ ભર્યા હતા. તેની સામે અનુષ્કારાનીને રૂ.૨.૮૦ લાખ રકમ ચુકવવાનું મયંક દેસાઈએ જણાવ્યું હતું. એક માસ પછી મહિલાએ વીસીના રૂપીયાની ઉઘરાણી કરતા મયંક ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. ત્યારપછી થોડા સમય બાદ ફરીવાર રૂપીયા માંગતા મયંક દેસાઈએ તારે જે થાય તે કરી લે પૈસા મળશે નહી, તારો પતિ અહી નથી. ફરી પૈસા માંગ્યા તો જીવતી નહી રહેવા દઉં તેવી ધમકી મહિલાને આપી હતી.જેથી અનુષ્કારાનીએ મયંક દેસાઈ સામે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### શહેરના વેપારી હનીટ્રેપનો શિકાર બનતા પોલીસ ફરીયાદ

ગાંધીનગર શહેરમાં પણ હનીટ્રેપનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના વેપારી ને પ્રેમજાળમાં ફસાવી મિત્રતા કેળવી વિશ્વાસમાં લઈ હોટલની અંગત પળોનો વિડીયો બનાવી લીધો હતો. ટોળકીએ આ વિડીયો સોશ્યલ મિડીયામાં ફરતો કરવાની તેમજ બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી વેપારી પાસે રૂ.૧૫ લાખ માંગણી કરી હતી. આ સમગ્ર પ્રકરણમાં વેપારીએ ચાર જણા સામે સેકટર-૨૧ પોલીસ મથકે પોલીસ ફરીયાદ નોંધાવી છે.

### મજુરી કામ કરતા યુવક સાથે ૮૪,૯૯૭ની ઓનલાઈન છેતરપિંડી

અમદાવાદ ચાણક્યપુરી વિસ્તારમાં ભવનાથ સોસાયટી ખાતે રહેતો ૨૪ વર્ષિય મહિન સોલંકી છેતરપિંડીનો ભોગ બન્યો છે. અમદાવાદના વિવિધ વિસ્તારમાં શાકભાજી વેચીને એકઠા કરેલા રૂ.૮૪,૯૯૭ ક્ષણભરમાં જતા રહ્યા છે. મહિન ગત તા.૩ માર્ચના રોજ રાયસણ પેટ્રોલ પંપ પાછળ બની રહેલી બિલ્ડીંગ ખાતે સેન્ટીંગનો સામાન ખાલી કરવાની મજુરી માટે આવ્યો હતો. તે સમયે તેના મોબાઈલ પર એક ફોન આવ્યો હતો, જેમાં કહ્યું હતુ કે તેમને ફોન પે માં રૂ,૪,૯૯૯ નું વાઉચર મળ્યું છે. તેમ જણાવી અજાણ્યા શખ્સે ફોન પે પર એક લીંક મોકલી હતી. તે લીંક ઓપન કરી ફોન પે એપ્લિકેશન ખોલાવી પાસવર્ડ નાંખતા જ એકવાર રૂ.૪૯૯૯ અને બે વાર રૂ.૩૯,૯૯૯ કપાઈ ગયા હતા. યુવાનના એકાઉન્ટમાંથી કુલ રૂ.૮૪,૯૯૭ ની ઓનલાઈન છેતરપિંડી થઈ હતી. યુવકે ઈન્ફોસીટી પોલીસે ફરીયાદ આપતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### ખૂણેખાંચરેથી

- રણાસણ અને મગોડી ગામે પણ ઔડાએ ગ્રામોત્થાન સદ્‌ભાવના ફંડમાંથી વિકાસ કામો માટે રકમ ફાળવી આપી છે.
- ગાંધીનગર જિલ્લામાં ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકો માટે જિલ્લાફેર એક તરફી બદલીનો કેમ્પ ૧૬મી જુનના રોજ યોજેલ છે.
- ભાજપના ધારાસભ્યોની આજે ગાંધીનગર વિધાનસભા ખાતે મળનાર બેઠકમાં પ્રભારી ભૂપેન્દ્ર યાદવ ખાસ ઉપસ્થિત રહી સંબોધન કરશે.
- ગાંધીનગર જિલ્લામાં હવે ધાર્મિક સ્થાનો ખુલી જતાં ભક્તોની ભીડ સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે જોવા મળી રહી છે.
- વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણીને લઈ આજે કલોલ ખાતે ખાસ રક્તદાન કેમ્પનું આયોજન કરાયુ હતુ.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૭૭૦ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં આજે ૩૬૫૩ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- શહેર-જિલ્લામાં કોરોનાના નોંધાયેલા કેસોની સંખ્યામાં સરકાર અને સ્થાનિક તંત્ર વચ્ચે આંકડાઓને લઈ સંકલનનો અભાવ છેલ્લા થોડાક દિવસોથી ચાલ્યો આવે છે જેને લઈ આ બાબતે શહેરમાં ભારે ચર્ચા જગાવી છે.
- માહિતી ખાતાના સંયુક્ત માહિતી નિયામક અને જાણીતા કોલમીસ્ટ પુલક ત્રિવેદીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ના સાહેબ ભીખારી નથી... લોકડાઉન બાદ શેઠ કામે આવવાની ના પાડે છે ને બૈરી ઘરે રહેવાની ના પાડે છે...

### ઘ માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા

શહેરના ઘ માર્ગ પર કલેકટર કચેરી પાસે બપોરના સુમારે ભારે ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળ્યા હતા. ઘ માર્ગ પર અંડરબ્રિજ બનતા આવન-જાવન કરતી ગાડીઓ અને સેકટર-૧૨ ઉમિયા માતાના મંદિર તરફ અને કલેકટર કચેરી-કોર્ટ તરફના વળાંકને પગલે વાહન વ્યવહાર વધુ રહે છે. જેને પગલે કેટલીક વાર આ માર્ગ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાય છે.



## ગળામાં ફસાયેલો માછલીનો કાંટો શહેરના મહિલા તબીબે ભારે જહેમત બાદ કાઢ્યો

### કલોલના પરપ્રાંતિય મજૂરના ગળામાં બે ઇંચ જેટલો માછલીનો કાંટો ફસાયો હતો : એકદમ પારદર્શક એવા કાંટાને કાઢવા માટે ઈએનટી સર્જન ડો. દેવી ગજ્જરે ખૂબ જહેમત ઉઠાવી

ગાંધીનગર, તા. ૧૪ કલોલના શ્રમજીવીને ભોજન લેતા સમયે ગળામાં માછલીનો કાંટો ખૂબ જ ખરાબ રીતે ફસાઈ ગયો હતો. ખૂબ જહેમત બાદ ગાંધીનગરના જાણીતા ઈએનટી સર્જન ડૉ. દેવી ગજ્જરે દર્દીને બેભાન કરી બે ઈંચ જેટલો માછલીનો કાંટો કાઢીને દર્દીને દર્દમુક્ત કર્યો હતો.

કલોલ રહેતા ૨૨ વર્ષીય પરપ્રાંતિય શ્રમજીવી યુવાન બપોરના સમયે જમવા માટે હોટલ પર ગયો હતો. અહીં તેણે માછલી અને રોટલીનું ભોજન લીધુ હતુ. જો કે ભોજન લીધા બાદ તેને ગળામાં પીડા થવાની શરૂ થઈ હતી. ગળામાં માછલીનો કાંટો ફસાયો હોય તેવી પીડા શરૂ થતા યુવાને પહેલા તો ઘરગથ્થુ ઉપાય અજમાવ્યા હતા. પરંતુ કોઈ રાહત ન મળતા કલોલમાં જ જનરલ પ્રેક્ટીશનરને બતાવ્યુ હતુ અને સારવાર કરાવી હતી પરંતુ સારવાર કરાવ્યા બાદ પણ રાહત ન મળતા તેઓ ગાંધીનગરની હાઈટેક હોસ્પિટલ પહોંચ્યા હતા. સાંજે સાતેક વાગ્યે આ યુવાન પોતાની પીડા સાથે ઈએનટી સર્જન ડૉ. દેવી ગજ્જરને મળ્યો હતો. ડૉ. દેવી ગજ્જરે એન્ડોસ્કોપી કરતા જાણવા મળ્યુ હતુ કે માછલીનો કાંટો જીભની પાછળ સ્વરપેટીની નજીક એપી ગ્લોટી પાછળ ફસાયો હતો.



અત્યંત પારદર્શક એવા આ માછલીના કાંટાને કાઢવાના પ્રયાસો દર્દીને બેભાન કર્યા વગર કરવામાં આવ્યા હતા પરંતુ અનેક પ્રયાસો બાદ પણ તે ન નીકળતા દર્દીને બેભાન કરવાની ફરજ પડી હતી. દર્દીને બેભાન કર્યા બાદ આખરે બે ઈંચ જેટલો માછલીનો કાંટો કાઢવામાં સફળતા મળી હતી. આખરે દર્દી દર્દમુક્ત બનતા તેને રજા આપવામાં આવી છે.

## પ્રોપર્ટી ટેક્ષમાં રાહત આપવા કમિશનરને મળી રજુઆત કરતા અંકિત બારોટ

ગાંધીનગર મનપાના પૂર્વ કાઉન્સીલર અંકિત બારોટે આજે મનપાના કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણને રૂબરૂ મળી પ્રોપર્ટી ટેક્ષમાં રાહત આપવા તેમજ એડવાન્સ ટેક્સ ભરવાની મુદતમાં વધારો કરી લોકોને વધુ લાભ મળે તે જોવા રજુઆત કરી છે.

બારોટે લેખિતમાં કરેલી રજુઆતમાં જણાવ્યુ છે કે પ્રોપર્ટી ટેક્ષમાં ૬૦ ચો.મી.નો પ્લોટ એરિયા ધરાવતા તમામ કરદાતાઓને મુક્તિ આપવામાં આવે. ૧૧૫ ચો.મી.નો પ્લોટ એરિયા ધરાવતા મિલ્કતધારક કરદાતા પાસેથી ૫૦ ટકા લેખે પ્રોપર્ટી ટેક્ષ વસુલવામાં આવે તેમજ ૧૦ ટકા રિબેટની યોજનાને ૩૧ ઓગષ્ટ સુધી લંબાવવામાં આવે. નગરજનોને રાહત મળે તે માટે તેઓ આ અંગે સોશ્યલ મિડિયાના માધ્યમથી પણ તંત્રને રજુઆત મળે તેવો પ્રયાસ કરવાના છે. જરૂર પડ્યે આ મુદ્દે ઝુંબેશ પણ હાથ ધરવામાં આવશે.

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ કોરોના મહામારીએ ભરડો લીધો હતો. ગાંધીનગરમાં રહેતા મધ્યમવર્ગના ઘણા બધા નાના વેપારી અને ધંધા રોજગારવાળા લોકોને લોકડાઉન અને સરકારના નિયમો પાલન કરવામાં ખુબ મોટુ આર્થિક નુકશાન થયેલ છે. જેથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આવા પરિવારોને ધ્યાનમાં રાખીને ટેક્ષ બાબતની રાહત આપતો નિર્ણય કરવો જોઈએ જેથી આ કટોકટીના સમયમાં આવા લોકોને સીધો લાભ થાય.


### ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન
### Indian Institute of Teacher Education
(State Public University of Government of Gujarat)
Near Mahatma Mandir, Kh - Road, Sector-15, Gandhinagar (Gujarat)– 382016.

**Admission 2021**

| Programme | Course | Duration | Institute |
|---|---|---|---|
| Under Graduate | B.Sc.-B.Ed. | 4 Year | IITE |
| | B.A.-B.Ed. | 4 Year | IITE |
| | B.Ed. | 2 Year | Affiliated Colleges |
| | B.A. Education | 3 Year | IITE |
| Post Graduate | B.Ed.-M.Ed. | 3 Year | IITE |
| | M.Ed. | 2 Year | IITE & RGT-DIET |
| | M.Sc./M.A.-M.Ed. | 3 Year | IITE |
| | M.A. Education | 2 Year | IITE |
| Research Programme | Ph.D. | 3 Year | IITE |
| Certificate Courses | | 4 Months | IITE |

Apply online on www.iite.ac.in from 15 June, 2021
Email: onlineadmission@iite.ac.in
Date: 15/06/2021 Registrar, IITE






આજે વિશ્વ બ્લડ ડોનેશન દિન હોવાથી ગાંધીનગર સિવિલમાં ડૉક્ટર્સ અને સ્ટાફના કર્મચારીઓ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૨૦ જેટલા યુનીટનું રક્ત એકત્ર થયુ હતુ. આ ઉપરાંત બ્લડ ડોનેશન ડે ની ઉજવણી નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયુ હતુ. જેમાં કર્મચારીઓએ ૧૯ જેટલા સુંદર ચિત્રો રજૂ કર્યા હતા.

## જુ.સિ.કા. દ્વારા નાસ લેવાના મશીન રાહેલબા અને કૈલાસધામ વૃદ્ધાશ્રમ ખાતે વિતરણ કરાયા

ગાંધીનગર, તા. ૧૪ જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે. જેમાં ગરીબ દર્દીઓને ઓપરેશનમાં આર્થિક સહાય પણ કરવામાં આવે છે. જયારે શહેરીજનો દ્વારા પરિવારના સભ્યોની સારવારમાં વપરાયા વિનાની દવાઓ-ઈન્જેંકશનો સહિતનો સામાન જુસીકાએ સિનિયર સિટિઝન કાઉન્સિલને આપવામાં આવ્યો છે. જે જરુરીયાતમંદ દર્દીઓને ગામડે ગામડે પહોંચાડવામાં આવે છે. તાજેતરમાં સંસ્થાના કાર્યાલય ખાતે દર્દીઓ માટે ડાઈપર્સ આશરે ૨૦૦ નંગ અને નાસ લેવાના ૫૦ નંગ મશીન દાન દાનરૂપે મળ્યા હતા. ત્યારે જુસીકા સંસ્થા દ્વારા આ બે ચીજવસ્તુઓને રાહેલબા વૃધ્ધાશ્રમ મુ.મગોડી અને કૈલાસ ધામ વૃધ્ધાશ્રમ મુ.પેથાપુર ખાતે વડીલોને વિતરણ કરાયા હતા.શહેરના નગરજનો દ્વારા દર્દીઓને ઉપયોગી ચીજવસ્તુઓ આપવામાં આવી રહી છે. જેથી શહેરના દરેક નાગરીકનો સંસ્થા દ્વારા આભાર વ્યકત કરવામાં આવે છે.